# શ્રી સોમપ્રભ ગણિ વિરચિત
# શ્રી સેત્તુજ ચેત્તપ્રવાડિ

સં૦ મધુસૂદન ઢાંકી
લક્ષ્મણ ભોજક

સં૦ ૧૪૭૭ / ઈ૦ સં૦ ૧૪૨૧માં અમદાવાદના સુલતાન અહમદશાહનું ફરમાન લઈ સંઘવી ગુણરાજે કાઢેલ સંઘ[1] પછી મોટા પ્રમાણમાં યાત્રિકો અને યાત્રાર્થે સંઘો શત્રુંજયતીર્થના દર્શનાર્થે નીકળ્યા હશે. તેનું એક પ્રમાણ તો પંદરમા સૈકામાં પ્રચુર માત્રામાં રચાયેલી મળતી પ્રસ્તુત તીર્થને અનુલક્ષિત ચૈત્યપરિપાટિઓ દ્વારા મળી રહે છે. બૃહદ્ ચૈત્યપરિપાટિઓ-તીર્થમાલાઓ બનાવનારમાંથી પણ ઘણા ખરા શત્રુંજયતીર્થ ગયા હોય તેમ લાગે છે, અને પ્રસ્તુત મહાતીર્થ પ્રતિ અત્યધિક ભાવ અને આદર બતાવતા, તેમ જ ત્યાં અવસ્થિત જિનભવનોનું અન્ય તીર્થસ્થાનોનાં મંદિરોને મુકાબલે કંઈક વિશેષ વિવરણ કરતા જણાયા છે. તીર્થરાજ સંબંધી અહીં પ્રસ્તુત કરેલી અને અદ્યાવધિ અપ્રકાશિત ચૈત્યપરિપાટિ કેટલીક અન્ય તત્સમાન રચનાઓની જેમ અનામી કર્ત્તાની નથી, તે વિષે અહીં આગળ ઉપર જોઈશું. દુહા છંદમાં ૨૯ કડીમાં વહેંચાઈ જતી આ ચૈત્યપરિપાટિ તેની વસ્તુની રજૂઆતમાં તેમ જ વિગતોમાં શત્રુંજય પરની અન્ય સમકાલીન કહી શકાય તેવી રચનાઓ સાથે સાદશ્ય ધરાવે છે. કૃતિમાં કાવ્યતત્ત્વનો પ્રાયઃ અભાવ તેમાં અન્યથા પ્રાપ્ત ઉપયોગી વિગતોને કારણે સરભર થઈ જાય છે. શત્રુંજયતીર્થના ઇતિહાસશોધનને નિસ્બત છે ત્યાં સુધી તો આ પરિપાટિથી એક વિશેષ સાક્ષ્ય અને સાધન સાંપડી રહે છે. કૃતિનો પાઠ બે હસ્તપ્રત ઉપરથી તૈયાર કર્યો છે. તેમાં પ્રથમ (જ્ઞ) લા૦ દ૦ ભા૦ સં૦ વિ૦ માં મુનિશ્રી પુણ્યવિજયજી સંગ્રહની છે : (નવો ક્રમાંક ૧૫૪૯). લિપિ પરથી પ્રતનો કાળ ૧૫મા શતકનો મધ્યભાગ હોવાનું નિર્ણીત થાય છે. બીજી ગુટકાકાર (ઉ) પ્રત પણ પ્રકૃત સંગ્રહની છે; તેનો ક્રમાંક ૮૪૮૮ છે. તેમાં કહ્યા મુજબ તેના રચયિતા સોમપ્રભ ગણિ છે.

પુંડરીકશિખરીસ્તોત્રકાર તેમ જ કેટલાક અન્ય પરિપાટિકારોની જે અહીં રચયિતા તીર્થવર્ણન માટે નીચેથી ઉપર જતા, મરુદેવીની ટૂકથી પ્રારંભાતા, પ્રણાલિકાગત યાત્રામાર્ગને અનુસરવાને બદલે ઊલટો ક્રમ અપનાવે છે, અને પોતાનું કથન તીર્થનાયક શ્રીયુગાદિદેવના ભવનથી શરૂ કરે છે. આ પરિપાટિ સૌ કોઈને ગાવા માટે રચી હોવાનો આશય 'નમીસુ (નમિશું)' 'લેઈસુ (લેશું)' ઇત્યાદિ પ્રયોગોથી સૂચિત થાય છે.

શત્રુંજય ચડ્યા પછી (૧) કવિ-યાત્રી સૌ પ્રથમ 'રિસહેસર'(ઋષભદેવ)ના 'સી(સિ)લમઉ'(શિલામય) બિંબનું સ્નાન-વિલેપન-પૂજન-સ્તવન કરી, આદિ જિનેશ્વરને જોયાથી હૈયે હરખ માતો નથી ને લોચનમાંથી અમીરસ ઝરી પાપમળ જતો રહેતો હોવાનું કહે છે (૨-૩), કવિ તે પછી ઉમેરે છે કે જિનવર આગળ નાચીશું, (જિનવરના) ગુણ ગાઈશું, કુગતિનું દ્વાર રૂંધીશું, ને સ્વજીવનને સફળ કરીશું (૪). આદિજિનની પાસે રહેલ કોટાકોટિ મુનિઓ સાથે સિદ્ધગતિ પામેલ 'ગણધર પુંડરીક'ની મૂર્તિની 'જોડલી'ને નમીને ભવ પાર ઊતરવાની આશા વ્યકત કરે છે (૫). મંડપમાં બેસાડેલ 'રિસહજિણંદ' (ઋષભ જિનેન્દ્ર)ને જુહારી, (ચક્રીશ્વર) ભરત પ્રસ્થાપિત 'યુગાદિદેવ'ને જોઈને ભવદુઃખ પાર પડે છે તેમ કહી (૬), આગળ કહેતા ત્યાં રહેલા — સિદ્ધ રમણી (મુક્તિ)દેવાવાળા — 'ઊભા' (ખડ્ગાસન) અને 'બઈઠા' (પદ્માસન મુદ્રામાં) સ્થિત સૌ જિનવર-બિંબોને નમે છે (૭). તે પછી દક્ષિણ બાજુની દેરીમાં 'ચોવીસ જિન બિંબ,' 'સાચોરીવીર' (૮), ત્રણ ભૂમિના આલયમાં સ્થિત 'કોડાકોડિ જિણવર' (કોટાકોટિ જિન), તે પછી આવાગમન (ભવભ્રમણ) નિવારનાર 'પાંચ પાંડવ' (૯), તેની પાછળ રહેલ જગતનું પહેલું તીર્થ 'અષ્ટાપદ' અને [તેમાં રહેલ] ચોવીસ જિનને વંદના દે છે. (૧૦) ત્યાર બાદ 'રાયણ' હેઠળ રહેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ જિનના 'પાય' (પગલાં) અને દૂધ વર્ષાવતી રાયણના દૂધમાં કાયા ઝબોળી (૧૧), આગળ વધતાં ડાબી બાજુ રહેલ લેપમયી 'જિન' અને 'જિન પગલાં' (૧૨), તે પછી 'સમલિયા વિહાર' (ભૃગુપુરાવતાર)માં વીસમા જિન 'મુનિસુવ્રત'ને નમી ત્યાં રહેલ સર્વ જિનબિંબોને પરિપાટિકાર વંદના દે છે (૧૩), ત્યાંથી 'સીહદુવાર' (સિંહદ્વાર, બલાણક) પાસે આવી જિનને (યુગાદિદેવ)ને ફરીથી પગેલગણ કરી (૧૪), હવે 'ખરતરવસહી'માં આવે છે. પરિપાટિકાર એને દેવીએ નિર્માણ કરી હોય તેવી સુસાર-ચારુ (રચના) કહે છે (૧૫). વિશેષમાં કહે છે કે એને દેખતાં જનમન મોહી જાય અને અનિમેષ નેત્રે જાણે જોઈ જ રહીએ; (તેમાં) થોડામાં (ઘણાં) તીરથ એમાં અવતર્યાં છે, સમાવ્યાં છે (૧૬). આ નવનિર્મિત નિવેશના ગર્ભગૃહમાં આદિ જિનને કવિ-યાત્રી નમે છે. તે પછી (શિષ્ય) પરિવાર સાથે બેઠેલી જિનરત્નસૂરિ[2] (ની મૂર્તિ) મંડપમાં છે તેવો ઉલ્લેખ કરે છે (૧૭), તે પછી ત્યાં ત્રેવીસમા જિન 'સ્તંભનપુરાવતાર' (શ્રીપાર્શ્વ), 'કલ્યાણત્રય' 'સમેત નેમિજિન' (૧૮), 'બહોંતર દેવકુલી'માં જિનવર-દેવનાં બિંબ, 'અષ્ટાપદ' અને 'સમ્મેતશિખર તીર્થ'[3] (૧૯), મઠદ્વારે ઓરડીમાં (વાસ્તવમાં ગોખલામાં) 'ગુરુમૂર્તિ,' ને મંડપમાં 'ગૌતમ ગણધર'ને નમે છે (૨૦), (ખરતરવસહિની બહાર આવ્યા બાદ એટલામાં) વિમલગિરિ પર (તેજપાળ મંત્રીએ) અવતારેલ રમ્ય 'નંદીશ્વર ચૈત્ય'ને વાંદી, કર્મ તૂટવાની વાત કવિ કહે છે (૨૧), તે પછી (મંત્રીશ્વર વસ્તુપાળ કારિત) 'ઇન્દ્રમંડપ' ભણી પરિપાટિકાર વળે છે (૨૨), (ને પછી પાસે રહેલ) શ્યામલવર્ણ અને સલૂણ તનવાળા 'નેમિનાથ'ના 'ગિરનારાવતાર' મંદિરમાં જઈ, ત્યાં 'સંબપૂજન' (સાંબ અને પ્રદ્યુમ્ન)ને પૂજે છે (૨૩). પોળ (વાઘણપોળ) પાસે ડાબી બાજુ 'સ્તંભનનિવેશ' (સ્તંભનપુરાવતાર પાર્શ્વ)ને નમસ્કારી, આગળ (અનુપમા સરોવરને કાંઠે રહેલ) 'નમિ-વિનમિ સેવિત ઋષભ જિન'વાળા 'સ્વર્ગારોહણ(ચૈત્ય)'માં થઈ (૨૪), દક્ષિણ શૃંગે રહેલ 'મોલ્હાવસતિ'માં ચોવીસ જિનને નમે છે; તે પછી 'ટોટરા વિહાર'માં પ્રથમ જિન'ને પ્રણમવા જઈ (૨૫), ત્યાંથી 'છીપાવસહિ'માં 'ઋષભજિન', 'અભિનવ આદિજિન', અને 'કપર્દીયક્ષ'ના ભવનમાં, એમ બધે જિનબિંબોને નમે છે (૨૬). તે પછી સોળમા 'શાંતિ જિન'ને પ્રણમી, જગત્સ્વામિની ગજારૂઢા 'મરુદેવી'ની પૂજા કરી (૨૭), (નીચે ઊતરતાં તળેટી સમીપ) પાજના મુખ પાસે રહેલ 'નેમિ જિનેશ્વર', લલિતા સરોવરે 'વીરજિન,' અને પાલિતાણામાં 'પાર્શ્વ જિન'ને નમવાની વાત કરે છે (૨૮)[4]. આ પછી પરિપાટિકાર યાત્રાફલ વિષે સમાપ્તિ-યોગ્ય ઉદ્ગારો કાઢી વકતવ્ય પૂરું કરે છે (૨૯).

અન્ય પરિપાટિઓમાં જેની કેટલીક વાર નોંધ લેતા જોવાય છે તે 'અદબદજી(અદ્ભુત આદિનાથ')ની મૂર્તિ, તેમજ આદીશ્વર મૂળ ટૂક સ્થિત 'વીસ વિહરમાન'ના મંદિરનો આમાં ઉલ્લેખ નથી; પણ એકંદરે તેમાં રહેલી કેટલીક નાની નાની વિગતો તીર્થમાં રહેલ પ્રાચીન મંદિરોના સ્થાનક્રમાદિ નિર્ણીત કરવામાં મદદરૂપ નીવડે છે.

કૃતિની ભાષા પર અપભ્રંશનો સ્પર્શ છે. રચયિતા સોમપ્રભગણિ કોણ હતા તેનો પત્તો લાગ્યો નથી. બારમી-તેરમી શતાબ્દીમાં બૃહદ્દ, નાગેન્દ્ર, પૌર્ણમિક, અને તપાગચ્છના મળી ચારેક સોમપ્રભ નામધારી મુનિઓ-સૂરિઓ થઈ ગયા છે : પણ સાંપ્રત કૃતિના કર્તા એ તમામથી ભિન્ન એવા કોઈ ચૌદમી સદીના અંતભાગના કે પંદરમી સદીના પ્રારંભના ગણિવર જણાય છે. ચૌદમા શતકના પૂર્વાર્ધમાં બંધાયેલાં મંદિરોનો આમાં ઉલ્લેખ હોઈ રચના તે પછીની હોવાનું સુનિશ્ચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ટિપ્પણો :-

૧. પ્રસ્તુત ફરમાન વિશે લા૦ દ૦ ભા૦ સં૦ વિ૦ ની પત્ર ક્રમાંક ૧૪૯૩૯ (નગરશેઠ : ૬૩૩)માં પૃ૦ ૨૮૩ પર નીચેની નોંધ જોવા મળે છે:-

श्रीसोमसुन्दरसूरिसोपदेशाद् विक्रमार्कतः अश्वाश्व
वेद सितांशुं (१४७७) प्रमितेवत्सरे गते ।।४०।।
गुणराजो बहुसंघमाकार्यशुभवासरे शत्रुंजये जिनान्नंतु
उत्सुकोजनि भावतः ।।४१।।
अहमदसुरत्राणात् संप्राप्य फरमाणकं गुणराजो व्यधात्
देवालयं रथस्थ मुच्चकैः ।।४२।।

૨. ખરતરગચ્છીય જિનરત્નસૂરિ તેરમા શતકના ઉત્તરાર્ધમાં થયા છે.

૩. કદાચ આ બંનેના તીર્થાવતાર-પટ્ટ વિવક્ષિત હશે.

૪. આ સૌ પ્રસંગે વિશેષ ચર્ચા, પ્રથમ લેખક દ્વારા તૈયાર થઈ રહેલ શત્રુંજયગિરિનાં જિનમંદિરો (*The Sacred Hills of Śatruñjayagiri*) ગ્રંથમાં કરવામાં આવી રહી છે, જે સન્ ૧૯૯૮ના પહેલાં પ્રકટ થઈ જવાનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી સેત્તુજ ચેત્તપ્રવાડિ

(દુહા છંદ)

સામિય **રિસહ** પસાઉ કરિ જિમ **સેત્તુજિ** ચડેવિ
ચેત્તપ્રવાડિહિ સવિ નમઉં તીરથ ભાઉ ધરેવિ. ૧

પહિલઉ સામિઉ સીલમઉ **રિસહેસરુ** પણમેસુ
ન્હવણુ વિલેવણુ પૂજ કરિ કર દુઈ જોડી થુણેસુ. ૨

દીઠઈ **આદિજિણેસરહિં** હિયડઈ હરિસુ ન માઈ
લોયણ અમિયહરસુ ઝરઈ ભવ સય કલિમલુ જાઈ. ૩

જિણવર આગલિ રંગ ભરિ નાચિસુ ગુણ ગાએસુ
રૂધિસુ કુગઈદુવાર સવિ નિય જીવિય ફલુ લેસુ. ૪

જામલિ બઈઠઉ આદિ જિણ **પુંડરીકુ ગણધારુ**
સીધઉ કોડાકોડિ સઉં લેસુ નમિ ભવ પારો(રુ). ૫

**મંડપિ** બઈઠઉ લેપમઉ **રિસહ જિણંદુ** જુહારે
**ભરહિ જુગાદિહિ** થાપિયઉ જાઈસુ ભવદુહ પારે. ૬

અન્નવિ ગરુયા લહુય તહિં જિણવર બિંબ અપાર
ઊભા બઈઠા સવિ નમઉં સિદ્ધરમણિ દાતાર. ૭

દેવહરી દાહિણ ગમઈ **ચઉવીસ** વિ **જિણબિંબ**
**સાચઉરઉ** તહિં **વીરજિણું** પૂજિસુ મેલ્હિ વિલંબ. ૮

**તિહુ** ભૂમિહિ જિણવર નમઉં **કોડાકોડિ** મજઝારિ
સીધા **પંડવ પંચ** નમી આવાગમણુ નિવારી. ૯

**અષ્ટાપદુ** તહિં (પ)ઠઈ અછઈ જગિહિં જુ પહિલઉ તીત્થુ
**ચઉવીસ** વિ **જિણ** નમવિ કરિ જંમુ કરઉં સુકયત્થુ. ૧૦

**રાઈણિ** હેઠલિ **આદિ જિણ** પણમિસુ ગરુયા પાય
**રાઈણિ** દૂધિહિ વરિસિ કરિ પાવુ પખાલઉં કાય. ૧૧

આવિઉ ઉલિહિં **લેપમયિ** ડાવિઅ બાહ **જિણંદ**
અણુપરિવાડિહિં જિણ નમઉં આગલિ પય અરવિંદ. ૧૨

**જિણુ મુણિસુવ્વઉ વીસમઉ** નમિ **સમલિયાવિહારે**
જે કેઈ તીહાં અછઈ તે **સવિ બિંબ** જુહારે. ૧૩

**સીહદુવારિહિં** આવત હં પુણિ પણમઉ જિણ પાય
ચેત્તપ્રવાડિહિં કારણિહિં માગઉ અ(પ)ણમઈ તાય. ૧૪

દાહિણ પાસઈ આવતહં **ખરતરવસહી** તુંગ
જાણે દેવિહિ નિમ્મવિય સારુયાર અઈ ચંગ. ૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખિઉ જણમણુ મોહિયએ લોયણ અણમિસ થાઈ
તીરથ થોડામાંહિ સવિ અવયારિય જહિં ઠાઈ. ૧૬

નવઉ નવેસિઉ **આદિજિણુ** નમઉ ગભારા માંહિ
સપરિવારુ **જિણરતનસૂરિ** બઈઠઉ **મંડપ**માંહિ. ૧૭

પૂજઉ **જિણુ તેવીસમઉ** સિરિ **થંભણાવયારુ**
**કલ્લાણત્તઈ નેમિજિણુ** સિરિ ગસારવયારુ. ૧૮

**દેવકુલી બાહત્તરિહિં** વાંદઉ **જિણવરદેવ**
**અઠ્ઠાવય-સમ્મેય**-મુહ કરઉ સુતીરથ સેવ. ૧૯

**મઢહ** દુવારી જ **ઉરડિય ગુરુ** વંદઉ તહિ ઠાઈ
**ગોયમ મંડપિ** જાઈ કરિ ગણહર નમીયહં પાઈ. ૨૦

**નંદીસરવરિ** આઠમઈ **દીવિ** જિ **ચેઈય** રમ્મ
તે અવયારિય **વિમલગિરિ** વાંદિઉ તોડિસુ કમ્મ. ૨૧

નિય સુયરિય બલિ જહિ હુયએ માણુસુ ઈણિ ભવિ ઈંદુ
**ઈંદમંડપિ** તેણિ જાઈ કરિ પૂજિસુ **જિણવર** વિંદુ. ૨૨

સામલવન્નુ સલૂણ તણુ સામિઉ **નેમિકુમારુ**
પૂજઉ **સંબપજૂન** સઉં દીઠ ઉ કિ(ગિ)રિ **ગિરનારો(રુ)**. ૨૩

**પોલિ** કન્હઈ વામઉ ગમઈ સિરિ **થંભણાનિવેસુ**
**સરગારોહણિ નમિ-વિનમિ** સેવિઉ **રિસહજિણેસુ**. ૨૪

જિણવર **ચઉવીસવિ** નમઉ **મોલ્હાવસહી** મજ્ઝારિ
પણમીજઈ સિરિ **પઢમ જિણુ** તઉ **ટોટરા વિહારે**. ૨૫

**છિપગવસહી વીરરિસહજિણુ** અહિણવુ **આઈ જિણેસુ**
**કવડિજક્ખ** સુરવરભવણિ સવિ જિણબિંબ નમેસુ. ૨૬

તુંગ ભવણિ **સોલસમઉ** સિરિ **સંતિનાહુ** પણમેવિ
**મરુદેવી** ગયવરિ ચડિય જગસામિણિ પૂએવિ. ૨૭

**નેમિજિણેસરુ** પાજમુહિ **લલિતાસરિ** જિણુવીરુ
**પાલિતાણઈ પાસ**-જિણુ નમિવિ લહિસુ ભવતીરુ. ૨૮

એહ જિ **ચેત્તપ્રવાડિ** નર પઢઈ ગુણઈ નિસુણંતિ
સિરિ **સત્તુંજય** જાત્રફલુ તે નિશ્ચઈ પાવંત્તિ. ૨૯

ઇતિ ચેત્તપ્રવાડિ : સમાપ્ત : (A)

**इति श्री शत्रुंजय तीर्थ चेत्र प्रवाडि समाप्ता ।।**
**कत(ति)रियं वा० सोमप्रभगणिना ।।शुभं भवतु। (B)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org